## વડીલોને વંદન
## અભિનંદન



રુદ્રપ્રસાદ હરિશંકર ઓઝા
(૧૯૩૮)મો:૯૮૨૮૦૪૯૩૩૨

# દિવાળીના કારણે ગાંધીનગરમાં ફૂલોની કિંમતોમાં ધરખમ વધારો

## ફૂલોના માંગમાં વધારો થતા વેપારીઓની દિવાળી મહેંકી ઉઠી : ફૂલોના ભાવોમાં પણ વધારો નોંધાયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાંદિવાળી પર્વનિમિત્તે ધાર્મિક પરંપરા અનુસાર પૂજા-વિધિ અને મુહૂર્તની વિધિમાં ફૂલોનો ઉપયોગ થતો હોઈ ફૂલોની માંગમાં ખૂબ વધારો થવા પામ્યો છે. જેના કારણે ફૂલોના ભાવમાં પણ ખાસ્સો વધારો નોંધાયો હતો. તહેવારો શરૂ થાય તે પહેલા જ બજારમાં ખેડૂતો દ્વારા ફૂલોની આવક વધુ હોવાથી તંગી સર્જાવાની શક્યતા રહી નહોતી પરંતુ માંગને કારણે વેપારીઓ દ્વારા ફૂલોનો ભાવ ઉંચો વસુલવામાં આવ્યો હતો. જો કે તેજીના કારણે હોસસેલના ભાવ પણ ઉંચા હોવાથી આ વેપારીઓએ ઉંચા ભાવ લેવા પડ્યા હતા. ફૂલોથી આ વેપારીઓએ ઉંચા ભાવ લેવા પડ્યા હતા. ફૂલોમાં ગુલાબ, હજારી ગલ, મોગરો, પારસ, લીલી, કમળ અને ડેજી સહિત વિદેશી ફૂલોની પણ માંગ મોટા પ્રમાણમાં ઉભી થવા પામેલ છે.

દિવસે-દિવસે વધતી જતી મોંઘવારીના પગલે તમામ ચીજ-વસ્તુઓના ભાવમાં ઊંચ-નીચ થયા કરે છે. જેના કારણે સામાન્ય જનજીવન પર તેની ઘણી અસર પડે છે. મોંઘવારીને સાથે-સાથે જ્યારે તહેવારોની સીઝન આવતાં તો જાણે મોંઘવારી આકાશને આંબી લે એવી સપાટીએ પહોંચે છે. વેપારીઓને લાભા-લાભ તથા ગ્રાહકોને ખરીદીની સંકડામણ સાંપડે છે. વેપારીઓ માટે કમાણીના દિવસો આવે છે. સાથે સાથે ગૃહિણીઓ માટે કરકસર સાથેની ખરીદીના દિવસો આવે છે. હાલ દિવાળીની સીઝન આવતાં તમામ જરૂરિયાતની ચીજવસ્તુઓમાં ધરખમ વધારો જોવા મળે છે. તહેવારમાં અમુક વસ્તુઓ જરૂરિયાતની હોવાને કારણે વેપારીઓ પણ તે તમામ ચીજ-વસ્તુઓનાં ભાવ ઉંચકી લે છે. અને ખરીદીની વસ્તુઓમાં વધારો કરે છે.

ફૂલ એ ફોરમ ફેલાવતું અને સકારાત્મક વાતાવરણ આપતું શ્રદ્ધાનું પ્રતિક છે. ભારતીય સંસ્કૃતિમાં ફૂલોને ઘણું મહત્વ આપવામાં આવ્યું છે અને પૂજામાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. ફૂલોના ઘણાં બધાં ઉપયોગો થતા હોય છે. ફૂલોની મહેંક એ જુદી જુદી અનેક રીતે લોકોના જીવનમાં સુવાસ લાવીને તેને રંગબેરંગી કરવામાં મદદ કરે છે.

સામાન્ય દિવસો દરમ્યાન ફૂલોના ભાવ ખૂબ જ સસ્તા જોવા મળે છે, પરંતુ તહેવારોની સીઝન આવતાં ફૂલોની માંગમાં ધરખમ વધારો થાય છે, અને સાથે-સાથે વેપારીઓની ખરા સમયની કમાણી માટે ફૂલોના ભાવમાં પણ વધારો જોવા મળે છે. દિવાળીના પર્વ દરમ્યાન ફૂલોની માંગમાં ખૂબ જ વિપુલ પ્રમાણમાં વધારો જોવા મળે છે. કારણ કે ફૂલોના વિવિધ રીતે ઉપયોગ કરવામાં આવતા હોય છે. કારણ કે ફૂલોના વિવિધ રીતે ઉપયોગો કરવામાં આવતા હોય છે. ભગવાનની પૂજા-અર્ચના માટે, તહેવારના સમયે ફૂલોની રંગોળી બનાવવા માટે, ફૂલોનો હાર બનાવીને ચઢાવવા માટે અને ઘરમાં લાવેલી કોઈ નવીન વસ્તુની પૂજા કરી શૂકન માટે પણ ફૂલો ચડાવવામાં આવતા હોય છે.

આ વર્ષની દિવાળીમાં ફૂલોની માંગની વાત આવતાં જ દરેક ફૂલ વેચનારા ફેરિયાના મોઢેથી એ જ સાંભળવા મળે છે કે દિવાળીના તહેવારો દરમ્યાન ખૂબ જ સારી માત્રામાં ઘરાકી થાય છે અને રોજીંદા જીવન-કરતાં આ સમયમાં વળતર પણ સારૂ મળી રહે છે. ફેરિયાઓમાં મત પ્રમાણે ધનતેરસ એ લક્ષ્મી પૂજનનો દિવસ હોવાથી તે દિવસે સૌથી વધુ ફૂલોનું વેચાણ થાય છે. આ ઉપરાંત ધનતેરસથી લઈ લાભપાંચમ સુધીના દિવસોમાં વર્ષનું સૌથી વધુ ફૂલોનુ વેચાણ થતું જોવા મળે છે.

સૌથી રસપ્રદ વાત તો એ કહેવાય કે આપણા સૌની દિવાળીને મહેંકતી બનાવવા માટે આ ફૂલો વેચનારા ફેરિયાઓ સવારે ૪ વાગે જમાલપુર, અમદાવાદથી તમામ ફૂલો મણના ભાવે એકત્રિત કરીને લઈ આવે છે. અને સવારના ૭ વાગ્યાથી લઈ રાત્રિના ૮ વાગ્યા સુધી સતત આપણા જીવનમાં ફૂલોની એનકેન પ્રકારની ઉપયોગીતાને પુરી પાડવા માટે સહભાગી બને છે. દિવાળીના સમયમાં ગુલાબ તથા હજારીગલના ફૂલોની વધુ માંગ હોવાને કારણે આ બે ફૂલોની જાતનું સૌથી વધુ પ્રમાણમાં વેચાણ કરવામાં આવે છે. ગુલાબ એ સૌથી મોંઘા ફૂલોની યાદીમાં નોંધાય છે, જેનો ભાવ આશરે ૩૦૦ રૂપિયા કિલો હોય છે તથા હજારીગલના ફૂલો ૨૦ કિલોના રૂપિયા ૧૦૦૦ થી ૧૨૦૦ના ભાવમાં વેપારીઓ સુધી પહોંચે છે. ફૂલો વેચનારા ફેરિયાઓની વહેલી સવારથી લઈને રાત્રીની મહેનતના અંતે અઠવાડિયામાં આશરે ૩૦૦૦થી ૪૦૦૦ રૂપિયાની કમાણી થતી હોય છે.



## આજે આકાશમાં ખંડગ્રાસ સૂર્યગ્રહણનો નજારો રહેશે

અમદાવાદ, તા. ૨૨

વિશ્વના અમુક પ્રદેશોમાં આવતીકાલ દિપાવલી પર્વે ખંડગ્રાસ સૂર્યગ્રહણની અવકાશી ઘટના બનવાની છે જે ભારતમાં જોવા મળશે નહીં. ગ્રહણની અવકાશી ઘટના માત્રને માત્ર ખગોળીયા, ભૂમિતિની રમત, પરિભ્રમણના કારણે બને છે. માનવકલ્યાણ માટે વૈજ્ઞાનિકોએ અમેરિકામાં પસંદગી જગ્યા ઉપર પડાવ નાખી દીધો છે. જ્યારે ભારતમાં વર્ષોથી જ્યોતિષિઓ, લેભાગુઓએ ગ્રહણની ઘટના સમયે અવરોધો ઉભા કરી વેધાદિ નિયમો બનાવી યેનકેન શોષણ કરે છે. રાજ્યમાં ભારત જન વિજ્ઞાન જાથાની કચેરી ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજના કાર્યક્રમો આપશે.

# બંધ મકાન અંગે પોલીસને જાણ કરવા નાગરિકોને મહામંડળની અપીલ

## બંધ મકાનો પર સાઈરન તાળુ લગાવવા પણ નાગરિકોને અનુરોધ

ગાંધીનગર, તા.૨૨

દિવાળીના તહેવાર દરમિયાન બહારગામ જતા નાગરિકોને પોતાની મિલકતના રક્ષણ માટે પોલીસ વિભાગને જાણ કરવા શહેર વસાહત મહામંડળે અપીલ કરી છે. આ ઉપરાંત નગજનોને પોતાના ઘરના દરવાજે સાઈરનવાળુ લોક લગાવવા પણ જણાવાયું છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર દિવાળીના તહેવાર દરમિયાન આમ નાગરિકો બહારગામ જતા ઘણા ખરા ઘરો બંધ હોય છે. આ દરમિયાન બંધ ઘરો અંગે પોલીસને જાણ કરવામાં આવે તે માટે પોલીસ તંત્ર દ્વારા પણ નાગિરકોને અપીલ કરવામાં આવી છે. જયારે આજે પણ સે-૨૧ પોલીસ સ્ટેશનમાં યોજાયેલા લોક દરબાર દરમિયાન પી.આઈ. શ્રી ડીંડોર તેમજ પોલીસ અધિકારી શ્રી ચાવડા દ્વારા નગરજનોને બંધ મકાન અંગે પોલીસને લેખિત જાણ કરવા અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત નજીકના પોલીસ સ્ટેશનથી સાઈરનવાળુ તાળુ ખરીદીને લગાવવા પણ નાગરિકોને જણાવાયું છે. આ મામલે શહેર વસાહત મહામંડળના સુધીર દેસાઈ, કિશોર જીકાદરા , ગૌતમ પરમાર સહીતના આગેવાનોએ પણ નાગરિકોના માલ મિલકત અંગે ચિંતા વ્યકત કરી પોલીસનો સહકાર આપવા અનુરોધ કર્યો હતો આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થા તેમજ માર્ગ સલામતીના મામલે પણ લોક દરબારમાં જરુરી સૂચનો કર્યા હતા. શોપિંગ સેન્ટર સહીતના જાહરે સ્થળોએ સલામતી વ્યવસ્થા ગોઠવવા પણ સૂચનો કર્યા હતા.



## ચિલોડા હોમગાર્ડઝ યુનિટનું ગૌરવ

તાજેતરમાં ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ યુનિટના ચિલોડા અને માણસામાં ફરજ બજાવતા માનદ હોમગાર્ડઝના પાર્ટ ટાઈમ કલાર્ક માટેનો બેઝીક તાલીમ કોર્સ બનાસકાંઠાના દાંતીવાડા કેન્દ્ર ખાતે યોજવામાં આવ્યો હતો. આ કોર્સમાં ચિલોડા યુનિટના પ્લાટુન સાર્જન્ટ બાબુભાઈ એન. જાદવે નિયત ગણવેશ ધારણ કરી વિશિષ્ટ કામગીરીમાં ફિઝીકલ ટ્રેનીંગ, લાઠી ટ્રીલ, સ્ટોરેસ, લો સ્કેડ ડ્રીલ, એકાઉન્ટ અને વીહવટી સંચાલન સહિત સૌથી વધ તાલીમ મેળવી ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ રાજ્ય કક્ષાનો એવોર્ડ અને પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યા હતા.



## દિવાળીનુ વર્ષ જીવનમાં પ્રકાશ ફેલાવે છે

દીપાવલી સનાતન વૈદિક હિંદુ ધર્મમાં જે મુખ્ય તહેવાર મનાય છે. આ તહેવારમાં નાતજાતના ભેદભાવ સિવાય દરેક દરેક મનુષ્ય ભાગ લઈ શકે છે. શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, મણિનગર ખાતે પૂજ્ય પાદ આચાર્યશ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના માર્ગદર્શન હેઠળ સંતો અને સત્સંગીઓએ સાથે મળીને જે રંગોળીની સજાવટ વિવિધ રંગોથી કરી છે આમાં અંદાજે ૪૭૦ થી ૪૮૦ જેટલા રંગોનો ઉપયોગ લેવામાં આવ્યો છે. એ વિવિધ રંગો આપણને સૂચવી રહ્યા છે કે મનુષ્ય જીવનમાં તરેહ તરેહના સુખદુ:ખમાં અનેક રંગો બદલાતા હોય છે, ત્યારે મનુષ્ય જીવનમાં સાચો રંગ રાખીએ તો જ સાચી દીપાવલી ઉજવી કહેવાય. પોતે સ્વચ્છ સંપત્તિ પણ સ્વચ્છ અને સંતતિ પણ સત્સંગથી સ્વચ્છ હોય તો એના જીવનમાં સ્નેહ, સંપના દીવડા પ્રગટાવતા હોય છે અને એનું જીવન પણ સદા સુખી રહે છે.

# એક પરીક્ષા કેન્દ્ર પર ૩-૩ પરીક્ષા નંબર આપી દેવાયા

## બીજી નવેમ્બરના દિવસે સ્ટાફ સિલેક્શન, રેલવે પરીક્ષા અને નેશનલ સ્કોલરશીપની પરીક્ષા પણ યોજવાની તૈયારી

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં આગામી તા. ૨જી નવેમ્બરના દિવસે સ્ટાફ સિલેક્શનની પરીક્ષા યોજવાની છે સાથે સાથે આ દિવસે રેલવેની પરીક્ષા અને નેશનલ સ્કોલરશીપની પરીક્ષા પણ યોજાનાર છે ત્યારે રાજ્ય સરકારના પરીક્ષા બોર્ડની ગંભીર બેદરકારી ફરી એકવાર સામે આવી છે.

પરીક્ષા વોર્ડ દ્વારા સ્ટાફ સિલેક્શન અને રેલવેની પરીક્ષા માટે ફાળવાયેલા પરીક્ષા કેન્દ્રોમાં રાષ્ટ્રીય પ્રતિભા શોધની પરીક્ષાના ઉમેદવારોને પણ નંબર ફાળવી દેવાતા જિલ્લા શિક્ષણ અધિકારીઓ દોડતા થઈ ગયા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યમાં આગામી બીજી નવેમ્બરના રવિવારના રોજ રાજ્યમાં સ્ટાફ સિલેક્શન અને રેલવેની પરીક્ષા યોજાવાની સાથે સાથે આ દિવસે રાષ્ટ્રીય પ્રતિભા શોધની કસોટી પણ લેવાની છે. જેને લઈ જિલ્લા શિક્ષણ અધિકારીઓએ અગાઉ રાષ્ટ્રીય પ્રતિભા શોધ અને નેશનલ મિન્સ મેરીટ સ્કોલરશીપની પરીક્ષા માટેના કેન્દ્રોનું લીસ્ટ રાજ્ય સરકારનાં પરીક્ષા બોર્ડને મોકલી આપવામાં આવ્યું હતું ત્યાર બાદ તે જ દિવસે સ્ટાફ સિલેક્શન અને રેલવેની પરીક્ષા હોવાનું પણ જાણવા મળતા જિલ્લા શિક્ષણ અધિકારીઓએ નવું લીસ્ટ પરીક્ષા બોર્ડને મોકલવામાં આવ્યું હતું. આમ છતાં રાજ્યના પરીક્ષા બોર્ડ દ્વારા જુના લીસ્ટ મુજબ ઉમેદવારોને નંબર ફાળવી હોલ ટીકીટ ઈસ્યુ કરી દેવામાં આવતા આવી છે જેના કારણે સ્ટાફ સીલેક્શન અને રેલવેની પરીક્ષા માટે ફાળવાયેલા પરીક્ષા કેન્દ્રોમાં રાષ્ટ્રિય પ્રતિભા શોધ અને નેશનલ મિન્સ મેરિટ સ્કોલરશીપ પરીક્ષાના ઉમેદવારોને પણ નંબર ફાળવી દેવામાં આવ્યા છે જે અંગે રાજ્ય પરીક્ષા બોર્ડને લેખિતમાં જાણ કરવામાં આવી છે.

## શબ્દાવલી - ૫૫૪૧



### આડી ચાવી

૧. વસ્ત્રો, પોશાક (૩)
૩. છટાદાર, જાજરમાન (૪)
૪. રહેણી અને પહેરવેશનો લાક્ષણિક વિશિષ્ટ પ્રકાર (૩)
૫. શરાબ, દારૂ (૩)
૭. ચોપાટની એક રમત (૩)
૧૦. પિતાના પિતા (૨)
૧૧. જવાનું નાણું ડોલર છે તે દેશ (૪)
૧૨. છુમંતર જેવો એક શબ્દ (૫)
૧૫. ક્ષણ, સમયનો એક ભાગ (૨)
૧૬. થાકવું તે (૨)
૧૭. અતિકોમળ, નાજુક (૪)
૨૦. કુકર્મ, ખરાબ કૃત્ય (૨)
૨૧. સરખાપણું (૪)
૨૨. ચોખાના કટકા (૩)

### ઊભી ચાવી

૧. એક નાનું ફળ, કરમદીનું ફળ (૪)
૨. આડુ અવળું જોયા કરવું(૩)
૩. ભભકો, છટા (૨)
૬. ચહેરો, દર્શન (૩)
૭. ચારે દિશાઓમાં, ચારેબાજુ (૩)
૮. 'રીસ' શબ્દ ઊંધો (૨)
૯. ઠક ઠક જેવો અવાજ કરવો (૪)
૧૧. બુદ્ધિ (૩)
૧૩. ચપળ હોવું તે (૪)
૧૪. જાસૂસી કરનાર વ્યક્તિ(૩)
૧૬. મુડી, પુંજી (૩)
૧૮. બેભાનાવસ્થા, ... માં હોવું (૨)
૧૯. વિચાર કરનાર ઇન્દ્રિય(૨)
૨૦. ખેતીમાં ઉપજ થાય તે(૨)

### શબ્દાવલી ૫૫૪૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઉપરવટ (૫) હાશ (૭) ચડસ (૮) તાક (૯) સ્થિરતા (૧૧) લપાટ (૧૨) તિથી (૧૩) ગરીબાઇ (૧૫) પતજડ (૧૭) કસર (૧૯) વટ (૨૦) બાસ્પ (૨૧) કબર (૨૨) આલમ

**ઊભી ચાવી :-** (૧) ઉપસ્થિતિ (૨) રચતા (૩) વડ (૪) ટસ (૫) હાતાપાઇ (૬) શકટ (૧૦) રથી (૧૧) લબાડ (૧૩) ગત (૧૪) રીજવવું (૧૫) પરસ્પર (૧૬) ઝટ (૧૮) સબાબ (૧૯) વકીલ

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

# ફી વધારા, ખર્ચના હિસાબને લઈને યુનિવર્સિટી વિવાદમાં

અમદાવાદ, તા.૨૨

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચોઈસ બેઝ ક્રેડીટ સિસ્ટમ દાખલ કરવામાંઆવી છે. અંતર્ગત સાયન્સ, કોમર્સ અને આર્ટસ કોલેજોમાં મુખ્ય વિષયો સાથે વધારાના બે વિષયો સોફ્ટ સ્કીલ અને ફાઉન્ડેશન દાખલ કરવામાં આવી છે. એટલું જ નહીં આ વધારાના વિષયો માટે વિદ્યાર્થી દીઠ દર સેમેસ્ટરે રૂા. ૧૦૦ ફી પણ નક્કી કરવામાં આવી છે. જેના કારણે વિદ્યાર્થીઓ ઉપર વધારાનો ફીનો બોજો પડ્યો છે.

છેલ્લા કેટલાક સમયથી ગુજરાત યુનિવર્સિટી સતત કોઈને કોઈ બાબતને લઈને વિવાદમાં રહે છે. ત્યારે વિવાદોનો પર્યાય બની ચુકેલી ગુજરાત યુનિવર્સિટી ફરીથી એકવાર ફી વધારાના બાબતમાં તેમજ યુનિવર્સિટીને પોતાના જ ખર્ચાનો હિસાબ ન મળતો હોવાને લઈને ચર્ચામાં છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા અમલી બનાવાયેલ ચોઈસ બેઝ ક્રેડીટ સિસ્ટમ અંતર્ગત સાયન્સ, આર્ટસ અને કોમર્સ કોલેજમાં મુખ્ય વિષયોની સાથે વધારાના બે વિષયો પણ દાખલ કરી દેવામાં આવ્યા છે એટલું જ નહીં આ વધારાના વિષયો માટે દર સેમેસ્ટરે વિદ્યાર્થી દીઠ ૧૦૦ રૂપિયા વધારાની ફી ઉઘરાવવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. કોઈપણ પ્રકારની અગાઉ સુચના આવ્યા વગર વધારાની ફી લાગુ કરી દેવાતા વિદ્યાર્થીઓમાં નારાજાગરી જોવા મળી રહી છે. આ ફી વધારાની સાથે સાથે ગુજરાત યુનિવર્સિટી ખર્ચની વિગતોને લઈ વિવાદમાં સપડાઈ છે મળતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીને પોતે જ કરેલા ખર્ચનો હિસાબ મળતો નથી. કુલપતિ દ્વારા વારંવાર આદેશ અપાયા હોવા છતાં ચીફ એકાઉન્ટન્ટ આજ દિવસ સુધી કોઈ હિસાબ જ રજુ કર્યો નથી જેના કારણે કુલપતિએ ચીફ એકાઉન્ટન્ટને નોટીસ ફટકારીને ખુલાસો માંગવામાં આવ્યો છે.

**નામ બદલેલ છે**

મારું લગ્ન પહેલાનું નામ શૈલકુમાર હતું તે લગ્ન પછી બદલીને શૈલદેવી રાખેલ છે.

શૈલદેવી
પ્લોટ નં. ૭૯૪/૧,
સેક્ટર-૫સી, ગાંધીનગર

**અમદાવાદ જિલ્લા પંચાયત, સિંચાઈ વિભાગ**

**ટુંકી મુદતની જાહેર નિવિદા નં. ૨/૨૦૧૪-૨૦૧૫ (બીજી વખત)**

કાર્યપાલક ઈજનેર, પંચાયત સિંચાઈ વિભાગ, જિલ્લા પંચાયત, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧ ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૬૮૬ની કચેરી મારફતે ઓન લાઇન ઈ-ટેન્ડરથી ગુજરાત રાજ્ય બાંધકામ ખાતામાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી કુલ : ૧૭ કામોના ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડર ફી. નો. ડીડી/ અને બાનાની રકમની એફ.ડી.આર. અથવા અમલમાં હોય તેવું બાનામુક્તિ પ્રમાણપત્ર / રજીસ્ટ્રેશન / બેંક સોલવંશી વિગિરે સપોર્ટીંગ ડોક્યુમેન્ટ્સ બીડ સબમીશન સાથે ઓનલાઇન ઈલેક્ટ્રોનીક ફોરમેટમાં સ્કેન કરવાના રહેશે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી મળશે તથા વેબસાઈટ http:/www.nwr.nprocure.com પર ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન થઇ શકશે તેમજ માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com પર જોવા મળશે.

| | |
|---|---|
| બીડ ડોક્યુમેન્ટ ડાઉનલોડ શરૂ થયાની તારીખ / સમય | તા. ૨૨/૧૦/૨૦૧૪ ૧૧.૦૦ કલાક સુધી |
| બીડ ડૉક્યુમેન્ટ સબમીશનની છેલ્લી ડીંગ તારીખ/સમય | તા.૧૦/૧૧/૨૦૧૪ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડૉક્યુમેન્ટ રજી. પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી પહોંચાડવાની તારીખ અને સ્થળ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, છઠ્ઠો માળ, લાલ દરવાજા, જિલ્લા પંચાયત, અમદાવાદ | તા. ૧૦/૧૧/૨૦૧૪થી તા. ૧૫/૧૧/૨૦૧૪ ૧૮.૦૦ કલાક સુધી (ઓફીસ સમય દરમિયાન) |
| પ્રાઈસ બીડ ઓપનીંગ | તા. ૧૯/૧૧/૨૦૧૪ ૧૨.૦૦ કલાકે (શક્ય હશે તો) |

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૦૨૮/૨૦૧૪

**જાહેર હરાજી**

કંડમ કરવામાં આવેલ જુનું ફર્નિચર, ઈલેક્ટ્રીક સાધન સામગ્રી, વાહનનાં ટાયર, પરચુરણ ભંગાર તમામ પ્રકારનો ભંગારના નિકાલ માટે જાહેર હરાજી કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, અને ઈન્ડેક્ષ-સી, ઉદ્યોગ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર હસ્તકના નીચે જણાવ્યા પ્રમાણે રદબાતલ થયેલ કચેરીની ડેડસ્ટોક આઈટમોની જાહેર હરાજી તા. ૩૦/૧૦/૨૦૧૪ - કલાકે ૧૨-૦૦ (બપોરે) વાગે કુટીર ઉદ્યોગ તાલીમ કેન્દ્ર, સેક્ટર-૧૩, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં ભાગ લેવા હાજર રહેવું.

| અ.નં. | આઈટમનું નામ | આઈટમની વિગત |
|---|---|---|
| ૧ | જુના ફર્નિચરનો ભંગાર | લાકડાની જુની ખુરશી, રિવોલ્વીંગ ચેર, ટેબલ વિગેરે |
| ૨ | ઈલેક્ટ્રીક સાધન સામગ્રી | વૉટર કુલર, વિંડો એ.સી. |
| ૩. | વાહના ટાયર-ટ્યૂબ | બિન વપરાશી અને બિન ઉપયોગી |
| ૪ | પરચુરણ તેમજ અન્ય તમામ પ્રકારનો ભંગાર | પ્લાસ્ટીક, લોખંડ, ઈલેક્ટ્રીક, જુના બગડી ગયેલા સ્પેર પાર્ટસ તેમજ અન્ય તમામ પ્રકારની પરચુરણ સામગ્રી, બિન ઉપયોગી અને બિન વપરાશી કંઝુએબલ આઈટેમનો ભંગાર, બિન ઉપયોગી લાકડાના પાર્ટીશન અને એલ્યુમિનિયમ સેક્શન વિગેરે. |

અ.નં.૧ થી ૪માં દર્શાવેલ આઈટમોની હરાજીથી ખરીદી કરવા ઈચ્છતા ઈસમોએ કચેરીના ચાલુ સમય હરાજીના દિવસે કલાક ૧૨.૩૦ થી.૧૩.૩૦ કલાક સુધી કુટીર ઉદ્યોગ તાલીમ કેન્દ્ર, સેક્ટર-૧૩, ગાંધીનગર ખાતે રૂબરૂમાં જોઈ શકશે. તેમજ કચેરીના નોટીસ બોર્ડ ઉપર હરાજીની વિગતવાર આઈટેમની યાદી જોવા મળશે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ રૂ. ૫,૦૦૦/- હરાજીમાં ભાગ લેતા અગાઉ (પરત મળવાપાત્ર) ડીપોઝીટ પેટે હરાજીના દિવસે ક. ૧૨.૦૦ સુધીમાં જમા કરાવવાના રહેશે. હરાજીમાં ભાગ લેનાર ઈસમ અસલ ફોટો આઈડી પ્રુફ સાથે હાજર રહેનાર ઈસમ ભાગ લઈ શકશે.
હરાજીની અન્ય શરતો અને બોલીઓ હરાજીના સમયે હરાજી શરૂ કરતાં પહેલા જણાવવામાં આવશે.

સહી/-
(કે. એન. પટેલ)
સંયુક્ત નિયામક (વહીવટ)
કુટીર અને ગ્રામોદ્યોગ

માહિતી/૧૫૧૧/૧૪-૧૫

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા**
**ગાંધીનગર જિલ્લા પંચાયત, મા. અને મ. વિભાગ**
**જાહેર નિવિદા નં. ૫/૨૦૧૪-૧૫**

કાર્યપાલક ઈજનેરશ્રી, મા.મ. વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગર ૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટે ઓનલાઈન ટેન્ડરથી ગુજરાત રાજય બાંધકામ ખાતાના કામની સામે જણાવેલ રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા https://mb.nprocure.com તથા www.nprocure.com વેબસાઈટ પરથી જોવા મળશે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની અને ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા. ૧૫-૧૧-૨૦૧૪ સમય ૧૮.૧૦ કલાકે સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ડોકયુમન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.) | તા. ૨૪-૧૧-૨૦૧૪ |
| ટેન્ડર ઓપનીંગ ઓનલાઈન | તા. ૧૭-૧૧-૨૦૧૪ સમય ૧૨.૩૦ કલાકે |

| ક્રમ | કામનું નામ | (૧) કામની અંદાજી રકમ રૂ. (૨) બાનાની રકમ રૂ. (૩) ટેન્ડર ફી રૂ. (૪) શ્રેણી |
|---|---|---|
| ૧. | સરઢવ ગામે જુદા જુદા વિસ્તારમાં સી.સી. રોડનું કામ | ૧. રૂ. ૬૨૫૬૧૯.૦૭ ૨. રૂ. ૬૩૦૦.૦૦ ૩. રૂ. ૯૦૦.૦૦ ૪. ઈ-૨ અને ઉપરના ઈજારદાર |
| ૨. | સી.આર.ટુ વેરીઅર્સ રોડ ઈન ગાંધીનગર વેસ્ટ તાલુકા (મેટલ પેચ અને અન્ય પરચૂરણ આઈટમ્સ) તા. ગાંધીનગર | ૧. રૂ. ૧૫૨૧૬૮૮.૨૮ ૨. રૂ. ૧૫૨૨૦.૦૦ ૩. રૂ. ૯૦૦.૦૦ ૪. ઈ-૧ અને ઉપરના ઈજારદાર |
| ૩. | સી.આર.ટુ વેરીઅર્સ રોડ ઈન કલોલ (મેટલ પેચ અનેઅન્ય પરચૂરણ આઈટમ્સ) તા. કલોલ જિ. ગાંધીનગર | ૧. રૂ. ૧૯૬૪૨૪૨.૮૭ ૨. રૂ. ૧૯૬૫૦.૦૦ ૩. રૂ. ૯૦૦.૦૦ ૪. ઈ-૧ અને ઉપરના ઈજારદાર |
| ૪. | સી.આર.ટુ વેરીઅર્સ રોડ ઈન ગાંધીનગર ઈસ્ટ તાલુકા (મેટલ પેચ અને અન્ય પરચૂરણ આઈટમ્સ) તા.ગાંધીનગર જિ. ગાંધીનગર | ૧. રૂ. ૧૮૭૭૪૫૬.૮૯ ૨. રૂ. ૧૮૭૮૦.૦૦ ૩. રૂ. ૯૦૦.૦૦ ૪. ઈ-૧ અને ઉપરના ઈજારદાર |
| ૫. | સી.આર.ટુ વેરીઅર્સ રોડ ઈન માણસા તાલુકા (મેટલ પેચ અને અન્ય પરચૂરમ આઈટમ્સ) તા. માણસા | ૧. રૂ. ૧૮૧૧૩૦૨.૨૯ ૨. રૂ. ૧૮૧૨૦.૦૦ ૩. રૂ. ૯૦૦.૦૦ ૪. ઈ-૧ અને ઉપરના ઈજારદાર |
| ૬. | સી.આર.ટુ વેરીઅર્સ રોડ ઈન દહેગામ તાલુકા (મેટલ પેચ અને અન્ય પરચૂરણ આઈટમ્સ) (બહિયલ સેકશન) તા. દહેગામ | ૧. રૂ. ૯૭૮૮૬૫.૪૭ ૨. રૂ. ૯૮૦૦.૦૦ ૩. રૂ. ૯૦૦.૦૦ ઈ-૨ અને ઉપરના ઈજારદાર |
| ૭. | સી.આર.ટુ. વેરીઅર્સ રોડ ઈન દહેગામ તાલુકા (મેટલ પેચ અને અન્ય પરચૂરણ આઈટમ્સ) (રખિયાલ સેકશન) તા. દહેગામ | ૧. રૂ. ૯૭૮૪૯૪.૦૮ ૨. રૂ. ૯૮૦૦.૦૦ ૩. રૂ. ૯૦૦.૦૦ ૪. ઈ-૨ અને ઉપરના ઈજારદાર |

માહિતી/૧૫૨૪/૧૪-૧૫